॥ जय श्री हिन्द ॥

શ્રી હિન્દ નાટક સમાજ.

(જામનગર).

'શ્રી રામચંદ્રજીના પરમ પરાક્રમી પુત્રો'

લવ-કુશ.

(પ્રસિદ્ધ કરનાર)

માલેકો,

શ્રી હિન્દ નાટક સમાજ.

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩૦૦૦.

૧૯૧૦.

કિંમત—બે આના.

શ્રી 'સરસ્વતી' પ્રેસ, નાગદેવી સ્ટ્રીટ, ૩૩૨-૩૩૪ મુંબઈ.

પાત્રોનાં નામઃ—

રામ ... ... પ્રજાનો અતિ પ્રિય અયોધ્યાનો રાજા અંશાવતાર.

લક્ષ્મણ }
ભરત } ... ... રામના ભાઈઓ.
શત્રુઘ્ન }

ચંદ્રકેતુ ... ... લક્ષ્મણનો પુત્ર.

વાલ્મીકી ... ... રામાયણના કર્તા. મહાસમર્થ મુની.

લવ }
કુશ } ... ... રામના પુત્રો.

દેવલો ... ... રામ-સીતાનો અપયશ ગાનાર ધોબી.

વિષ્ણુશર્મા ... ... રાજ્ય પુરોહીત.

શંખશર્મા ... ... વિષ્ણુશર્માનો જમાઇ.

સ્ત્રી પાત્રોઃ—

સીતા ... ... રામનાં અતિ પ્રિય પત્નિ.

કૌશલ્યા ... ... રામનાં માતુશ્રી.

રતની ... ... ધોબીની જુની સ્ત્રી.

રામી ... ... ,, નવી સ્ત્રી.

પદ્માવતી ... ... વિષ્ણુ શર્માની પુત્રી શંખશર્માની સ્ત્રિ.

એ સિવાય દાસ, દાસી, ગુપ્તચર, ઋષીકુમારો, કામ, વનદેવી, અંગદ, હનુમાન, જાંબુવાન વિગેરે વિગેરે.

શ્રી

લવ-કુશ

નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

પ્ર૦ ૧—નાંદી. રામનું કેટલુંક આગલું વૃતાંત.

પ્ર૦ ૨—રામ સીતાને અષ્ટાવક્રનો સંદેશો, લક્ષ્મણનું આગલા વૃતાંતનું ચિત્રપટ બતાવવું જે ઉપરથી સીતાજીની વનમાં જવાની કરેલી માંગણી, રામે તે કબુલ રાખવી.

પ્ર૦ ૩—રામના ગુપ્તચરનું શહેરચર્ચા જોવા નીકળવું, ધોબીના ઘરમાં કજીઓ, ધોબીએ રામ સીતાનો અપવાદ કહી પોતાની બાને ઘરમાંથી કહાડી મુકવી. ગુપ્તચરે રામની કીર્તિને ઝાંખ સમજી આ હકીકત રામને કહેવા જવું.

પ્ર૦ ૪—ગુપ્તચરે રામને આપેલી ખબર, રામે સીતાનો ત્યાગ કરવા કરેલો નિશ્ચય, લક્ષ્મણને સીતાને વનમાં મુકી આવવા કરેલી આજ્ઞા, રામ લક્ષ્મણનો સંવાદ.

પ્ર૦ ૫—કૌશલ્યા પાસે સીતાએ વનમાં જવા માટે માગેલી આજ્ઞા, સીતા તથા લક્ષ્મણનું વનમાં જવું.

પ્ર૦ ૬—સીતાનો ત્યાગ કરવાથી રામને થએલો પશ્ચાતાપ.

પ્ર૦ ૭—લક્ષ્મણે સીતાને નદી પાર લઇ જઇ રામે કહેલી આજ્ઞા સંભળાવી શોક કરવો. સીતાજીનો વિલાપ, વાલ્મીકીનું આવવું, સીતાને ધીરજ આપી આશ્રમે લઇ જવું.

પ્ર૦ ૮—સીતાનો ત્યાગ કરવા બાબત ભરત શત્રુઘ્નનો સંવાદ, ચંદ્રકેતુનું સીતાજીને પુત્ર પ્રસવવાનું અનાયાસે બોલી જવું.

પ્ર૦ ૯—રાજ્ય પુરોહિત વિષ્ણુશર્માને ત્યાં આવેલા તેના જમાઇ શંખશર્માનું સંધ્યા સંબંધી પોગળ ઉઘાડું થવું.

પ્ર૦૧૦—ગુરૂ વાલ્મીકીને ત્યાં જનક વિગેરે અતિથીઓ આવેલ તે સંબંધી શિષ્યોનો સંવાદ.

પ્ર૦૧૧ યજ્ઞમંડપ, રામે અશ્વપુજન કરી અશ્વમેધ યજ્ઞનો આરંભ કરવો, અશ્વને છુટો મુકી તેની રક્ષા માટે શત્રુઘ્ન તથા ચંદ્રકેતુને મોકલવા.

અંક ૨ જો.

પ્ર૦ ૧ -સીતાના ત્યાગ સંબંધી જનકનો ખેદ, અરૂંધતીનું આવવું, લવને જોઇ જનકનો પ્રેમ.

પ્ર૦ ૨—લવની રૂષીકુમારો સાથે રમત, અશ્વને બાંધવો, અશ્વરક્ષકો તથા ચંદ્રકેતુને મુર્છા, શત્રુઘ્નને હાથે લવનું પકડાવું.

પ્ર૦ ૩—ધોબી દેવલાએ બીજી સ્ત્રિ કરવા કરેલો વીચાર, રામી મોચણનું આવવું, બન્નેએ પરણવા નક્કી કરવું.

પ્ર૦ ૪—સીતાજીને રૂષીકુમારોએ લવના બંધનના ખબર આપવી, સીતાજીનો શોક, કુશનું આવવું, સીતાજીની આજ્ઞા લઇ લવને મુક્ત કરવા જવું, વાલ્મીકીએ આવી આપેલી ધીરજ.

પ્ર૦ ૫—વાલ્મીકીની શિષ્યા તથા વનદેવીનો સીતાજીના વનવાસ માટે ખેદ, કામદેવનું આવવું, વનદેવી ને કામદેવનો પરસ્પર પ્રેમ.

પ્ર૦ ૬—રામી ધોબણની રીસ. દેવલાનું મનાવવું.

પ્ર૦ ૭—રામ પાસે દૂતે કહેલા યુદ્ધના સમાચાર, લક્ષ્મણને યુદ્ધ જવા આજ્ઞા.

પ્ર૦ ૮—શંખ શર્માનું પુજન સોભાગ ખુલું થવું.

પ્ર૦ ૯—લવ લક્ષ્મણની લડાઇ, લવને મુર્છા, કુશને હાથે લક્ષ્મણને મુર્છા, લવના પડવાથી કુશને થયેલો શોક.

અંક ૩ જો.

પ્ર૦ ૧—રામની પાસે દૂતે આવી લક્ષ્મણ મુર્છાની આપેલી ખબર, રામનો શોક, ભરતને યુદ્ધે જવા આજ્ઞા, પાછળથી રામનું યુદ્ધમાં ચડવું.

પ્ર૦ ૨—લવનું મુર્છા રહિત થવું, ધનુષ્ય તુટી જવાથી કુશે કરેલી સૂર્યસ્તુતી. અંતરીક્ષથી મળેલું ધનુષ્ય, કુશને હાથે ભરતને મુર્છા. લવ-કુશ તથા રામનો સંવાદ-લડાઇ-રામને પણ મુર્છા.

પ્ર૦ ૩—શંખશર્માએ પોતાની સ્ત્રિને મળવા માટે પોતાની સાસુનો પોશાક પહેરવો—ત્યાં તેની સ્ત્રિ પદ્માવતીનું આવવું—ત્યાર બાદ વિષ્ણુશર્માનું આવવું—પોતાની સ્ત્રિ જાણી મનાવવું—પાછળથી વિષ્ણુશર્માની સ્ત્રિ આવતાં સર્વ પોગળ ખુલ્લું પડવું.

પ્ર૦ ૪—લવ-કુશનું જીત મેળવી ખુશી થતાં આશ્રમે આવવું, રામને મુર્છા સાંભળી સીતાએ બન્ને પુત્રોપર કરેલો ક્રોધ. ત્રણેનું રણક્ષેત્રમાં જવું.

પ્ર૦ ૫—શંખશર્મા તથા પદ્માવતીનો મેલાપ.

પ્ર૦ ૬—રણક્ષેત્રમાં સીતાનો શોક. વાલ્મીકીનું આવી સર્વને મુર્છારહિત કરી અયોધ્યા જવા કહેવું.

પ્ર૦ ૭—પોતાને બ્હાને સીતાને દુઃખ થવા માટે રતની ચોખલીની ચાનગીરી, દેવલા તથા રામીનું આવી ચડવું, રતનીને કાઢી મુકવી, રામીનો ગુસ્સો, દેવલાની દશા.

પ્ર૦ ૮—વનદેવોએ કામદેવને મનાવ્યો.

પ્ર૦ ૯—વાલ્મીકીએ સીતાનો સ્વીકાર કરવા બાબત રામને કહેતાં રામે લોકોનું સમાધાન કરવા કહેવું, પૃથ્વી દેવીનું પ્રગટ થવું. સીતા તથા લવ-કુશનો રામે કરેલો સ્વીકાર. આનંદ મંગળ.

શાંતિ શાંતિ શાંતિ.

શ્રી

'લવ-કુશ'

નાટકનાં ગાયનો.

સુત્રધાર—

૧

આ ઉપર સરકારી,
નક્કી નિશદિન તારી;
જાણું જગ જય કરી,
લીધા નિજજન તારી;
વંદું વિભુ ભયહારી.

નટી—

૨

ધન્ય ધરાપર તે સતી સુંદર શુદ્ધ નિરંતર જેનો ભાવ,
પતિપર આદર અંતર અંદર છે શ્રેયસ્કર પૂર્ણ પ્રભાવ;
મોહ મળે નહિ આ તન ધનમાં,
તત્પર મનમાં નિત્ય સત્ય સુખકર સાધનમાં;
પ્રકાશતી જગમાં—ધન્ય૦

રઘુવર સુરતરુ ચડી વેલડી,
લવ-કુશ ફળ પ્રકટાવતી જે;
નામ જાનકી સ્મરણ કર્યાથી,
જન્મ મરણ ભય ટાળતી જે;
નમો નમો નિશદિન તેવી તે,
જાણે ભવસાગરમાં નાવ— ધન્ય૦

આશાવરી— ૩

નમન સતત સતિ ! સીતા તુજ પદ હિતકર ઉર નિરધારૂં છું,
તુજ પતિવ્રત યશ ગાતાં સુણી શુભ શ્રવણ વિમળ મુજ ધારૂં છું,
પરમ ધીરજ ધરી વનવાસ કીધો ફરી કુશ-લવ સુતપર વારૂં છું,
મુનિવર કરપર ઉછરી—પ્રબળ થઈ જાય,
નિર્ભયતા ધારનાર તારનાર હૃદય માંહી ધારૂં છું—નમન સતત.

સખીઓ— ૪

રામ નામ રસિક ચિત્ત ભાવતું રે,
હર્ષથી મને ઘણું હુલાવતું રે એની;
જનક ભૂપ ચિત્ત લલચાવતું— રામનામ૦

સાખી—સીતાને સુખથી વર્યા, વરત્યો બહુ આનંદ
રાજ્યારોહણ સમય પર, ફાવ્યો કુબજા ફંદ.
રાજ્યપાટ સર્વ તજી વરયા વનવાસમાં,
દુષ્ટ રાવણે ફસાવી નાખ્યા બહુ ત્રાસમાં
બાંધી સમુદ્રપર પાજ,
રાક્ષસને હાથે હણ્યા— રે સખી૦

સાખી—સીતાને લક્ષ્મણ સહિત, વળ્યા વિશ્વ આધાર;
ભાવ થકી ભેટયા ભરત, વર્ત્યો જય જયકાર-રામ૦

૫

રતની—મુને વિના વાંકે ન સતાવો રે નાથજી,
લાગું તમારે હું પાય
દેવલો—તને કહું શું નકટ કજાતની રે;
તને દેખીને લાગે છે લ્હાય

હાય હાય મુજથી નહિ રખાય. કર તું કોડ ઉપાય
ઉભી રહે નવ આંહય,
ઝટપટ થાય વિદાય થાય થાય—મુને

રતની—થાય સ્વામી થાય. જતાં પિયરના આંહય,
કેમ નારીને તજાય, અતિ જુલમ ગણાય

દેવલો—ચુપ કર કમજાત

રતની—શાને પિયુ મારો લાત, જીવ જાય ના ખમાય
હાય હાય હાય— મુને

લક્ષ્મણ-રામ— ૬

અરે ઓ રાય શું આ થાય નહિ ખમાય,
પુણ્યો સઘળાં વિખરાય,
સમજ નહિ ખાવી શું ગભરાય, પ્રજામતપર પગ નહિ મૂકાય;
અરે ઓ હાય, હુંથી અન્યાય નહિજ થાય— પુણ્યો૦
ઉર થાય બહુ લાય ન ચલાય,
જુથા આ વચન તમામ વદાય. થા તું સીતાસહ તરત વિદાય;
અધર્મી થાય હૃદય ચીરાય નહિ ખમાય
મુજ કાય અકળાય— પુણ્યો૦

કૌશલ્યા-સીતા-લક્ષ્મણ- ૭

સુખદ સતિ સીતા સુઘડ સુજાણ,
પ્રયાણ સુખે કરો મુજ પ્રાણ, પામજો સદા કુશળ કલ્યાણ;
વડિલની આશીષ એજ પ્રમાણ,
શાંતિનું કરે સરસ નિર્માણ—પામજો૦
માતુ કંઇ તમે નથીજ અજાણ,
રામને નામ તર્યા પાષાણ—પામજો૦

શુદ્ધ સતી ! સદાચરણ ગુણ ખાણ,
કરૂં શું વિદેહ વંશ વખાણ—પામજો૦
આપ પદ પંકજ રજ એંધાણ,
એજ મુજ પરમ પવિત્ર પિછાણ—પામજો૦
હશે જો પ્રભુ પદ ભકિત વહાણ,
થશે નહિ તો કાંઈ પણ કંઈ હાણ—પામજો૦

સીતા-- ૮

આ જડ કાયા ક્યાં સુખ છાયા, ખુબ પડયા ઉંડા દુઃસહ
દુઃખ પાયા, મિથ્યા ક્યાંથી પ્રિય ભરમાયા--આ૦
ધિક આ જીવિત મરણ હવે હિત ખુશ દિન
ખચિત ખવાયા—આ૦
સાખી—રામ વિના આરામ નહિ, જીવિત હવે વિરામ;
નકામ વિધિ વાંકો બન્યો, ત્યાં ક્યાંથી સુખ પામ—આ૦

ચંદ્રકેતુ-- ૯

અરે હાય ! આ શું થાય? ન્યાય બાજુએ મુકાય, સતી
સીતાજી સીદાય, બસ ગજબ ગુજાય
કેમ સતીને તજાય, વંશ રઘુનો લજાય,
બાપુ ભૂલ કેમ ખાય—બસ૦
કામ બાપુનું નિંદાય, વાત નીચની મનાય,
મુંથી સહ્યું નવ જાય—બસ૦
આ તો પાપ પોરસાય, પુણ્ય પાતાળે સંતાય,
મારૂં લોહી તપી જાય—બસ૦

વિષ્ણુ શર્મા—   ૧૦

સંધ્યા દેવી આ સુધારી વિચારી જુઓ—   સંધ્યા૦
કમંડલ બહુ માંહી પોલ,
ફેરા ભાળા ખાલી ભાજ્યા, દશા બ્રાહ્મણોની કેવી આ નઠારી
            વિચારી, વિચારી જુઓ—સંધ્યા૦
દ્વિજ નિજ જપ તપ વછી સજી ગપ સપ બની બેઠા સૌથી હેઠા,
બહુ મતિ હાંસી થતી—   સંધ્યા૦

શિષ્યો—   ૧૧

જંજાળ જગતની જોને જુઠી મોહ માયા,
મૃગજળ દેખી ડાહ્યા કુદી કુદી કાયા—જોને૦
મનોરથ મોટા ધાયા સ્વપ્નમાં સમાયા જોને૦
જન ધન કાયા જાયા જાળમાં ફસાયા જોને૦
તર્યા તેજ સહેજે જેણે હરિ ગુણ ગાયા—જોને૦

દાસીઓ—   ૧૨

એની મંડપ રચના શી આજે યજ્ઞ તણીરે
આપે શોભા તે અપરમપાર માંહે બીરાજે
            રૂડા શ્રી રઘુપતીરે
એની વિપ્રો વેદ વાણીને ઉચ્ચારતારે
        આવ્યા દેવ ચડી વૈમાન મોઝાર
કહે ચંદ્ર-ધન સુર વર મુખ થકી
        થાઓ રઘુવીર કેરો જય જય કાર.

અંક ૧ લો સમાપ્ત.

અંક બીજો.

જનક— ૧૩

હવે હદ થઈ છે દુઃખ પૂરું ન થાય,
પુત્રી પરે કષ્ટ પડે મુખથી ન ખમાય;
કેવો પ્રભુ ઘરઘર કર્યો આ નિર્દય ન્યાય,
સીતા સતી પામે પીડા અંગ અકળાય.

રૂષિબાળકો— ૧૪

આવો ઉમંગે રંગ જમાવો સંગ મળી,
ઢંગ વગરના ઢોર થશો તો બેતર ભર્યું મળવાનું જંગ,
ભાંગી જાશે અંગ,—આવો
સાથે રમવું સાથે જમવું શાને દમવું
એકને નમવું સર્વ થાશે દંગ—આવો

લવ— ૧૫

હે શરમ શરમ શરમ શરમ પુત્રનો નાશ થાય છે ત્રાસ,
અતિ અનુચિત કૃતિ કરી તુજ રામે,
ગમ્યો અજબ આ પાપ વિલાસ;
આપ તેમ પરિતાપ જણાશે—હે૦

ઢગલો— ૧૬

વાહરે જોબનીયાં ભરી નખરાળી
તારી આંખોમાં જાદુ જણાય મને કાંઈ—વાહરે૦
ખોળી મળે ના તુજ સમ જોડી
જાણે તું લાડી, હું તો વરરાય—

૩૧૫૫

૧૬

રાણી— વાહ વાહ રૂપાળા, ભેળા ભોળા
આજ આનંદ ના સમાય તન માંહ્ય—વાહરે૦

સીતા— ૧૭

રક્ષા કરજો દેવ દયાનિધિ,
હું શરણ તમારે છું
નવ પલ્લવ લવ કુશળ રહેજો,
ભીતિ યુક્ત હું ભારે છું;
અરિપર અંકુશ સરખો,
કુશ સુત નહિ પહોંચે અત્યારે શું:
કેમ કરું ક્યાં જઇ પોકારું,
રઘુવર કરવું મારે શું ?

કુશ— ૧૮

[illegible] હું ન સહુ જઇ પહોંચું હવે,
બળથી હણને ઢાળું ધરણી
શરથી અરિના શિરને પટકું સહુ આપશે કરણી—[illegible]
લવ છે મારું તન મન ધન, જગમાં એ જીવન સાધન,
પકડું જ્યમ્મર લાવું તમ્મર મોત જશે પરણી— ગાસ૦

વનદેવી— ૧૯

[illegible] વિકસે વસે જ્યાં [illegible],
સુગંધી પુષ્પોતણા [illegible] જ્યાં વિકસે છે;
[illegible] જ્યાં [illegible] છે,
મત્ત મિલિંદ [illegible] છે [illegible]— લતા૦

કામદેવ—   ૨૦

મૃગાક્ષી મધુર માનિનીનાં માન હું હરૂં,
પુષ્પબાણ હું છતાં ફતેહ કરી ફરૂં,
ઇંદ્ર ચંદ્ર શંભુ કે સ્વયંભુને છળું,
મનુષ્ય કોણ માત્ર વશ પલવિષે કરૂં.

કામદેવ-વનદેવી—   ૨૧

ચંદ્રમુખી ચકિત હૃદય ચકચુર
વશ કર તારા કામણગારા દુર રહો દુર—ચકિત
રતિ રસ પુર જોઉં મુને ખેંચે એ જરૂર
નેત્રબાણ તારા મારૂં વિંધી નાખે ઉર—વશ

દેવલો—   ૨૨

રસ ફુકડ બાઇ હું અકડ કેવો કટ કટ કટ કટ ચાલું—વાહ વાહજી વાહ
નહીં નહીં કોઇ મારા જેવો નવશી સંગે મ્હાલું—હા, હા, જી, હા, હા.
બણી નવેલી નારી મુજને ગોરા ગાલો વાળી—વાહ વાહજી વાહ વાહ.
હું કેવો ફાંકડો કેવો બાંકડો એ નાજુકનખરાળી—

દેવલો-રામી—   ૨૩

વાહ વાહ મારી લટકાળીરે તારે લટકે રહ્યો હું મોહી
આવો રંગીલા લેરખડા લાલા લટકે રહ્યું મન મોહી-અરે વાહ વાહ.
તારે લટકે રહ્યો હું મોહી.
કામણગારી તેં કામણ કાંઇ કીધું લટકે રહ્યું મન મોહી—અરેહાહા.
લટકે રહ્યો હું મોહી—વાહ વાહ.

કુશ--　　　　　　　　　　૨૪

બન્ધુ મુજ પ્યારારે થયા ન્યારા
થયા ન્યારા સુખ કરનારા
જીવન આધારા, છો નયનોના તારારે
આ દુઃખ ભારા, શીરે મારારે
મધુર તમારાં વચનો પ્યારાં બંધુ મારા—ટેક

અંક ૨ જો સમાપ્ત.

અંક ૩ જો.

કુશ—　　　　　　　　　　૨૫

જય અંબરમણિ દિનમણિ, જય જય દયાનિધાન,
તનય ગણીને આપનો આપો દિવ્ય કમાન;
તેજ પ્રતાપ પ્રભાવમય, અભય હૃદય જય મૂળ,
કુશકૃત આ સ્તુતિ સાંભળી, કરો કાર્ય અનુકૂળ.

ભરત--　　　　　　　　　　૨૬

બસ કર ક્રૂર શિશુ વર નિજ ધર જા,
જા નહિં મરી શક શર આ,
કર ધર શર પણ ક્ષણ ભર નહિ ટક થઇ મુજ ઉર કરુણા—બસ
કુશ—એ સઘળું સમજ્યા, બહુ બહુ વચન વધા,
સ્થિર થઇ જા, ખમ મુજ ઘા, દમભર વિહ્વળ શું નિજ ગુણ ગા;

સીતા— ૨૭

રઘુવર ચરણ દર્શન આજ શું મુજને હશે મળનાર,
હૃદય ધીરજ ધારજે, ગત વિપદ દિવસ વિસારજે,
દેખું કદી પણ પાર.

લવ-કુશ— ૨૮

મચ્યો સંગ્રામ ત્યાં એવો, અંબર જોવા ઉભા દેવો,
ઘણા નર વાનરો આવ્યા, મદદમાં રાક્ષસો લાવ્યા,
ઉઠેલા રીંછ કુદાવ્યા, છતાં એ કોઈ નહિ ફાવ્યા—મચ્યો૦
કર્યો શત્રુઘ્નને સીધો, અજબ પંથ લક્ષ્મણે લીધો,
ભરતને ભૂમિવશ કીધો, રગડ રઘુનાથને દીધો.—મચ્યો૦

પદ્માવતી— ૨૯

મુજ અંગમાં આજે વધ્યો આ વિરહનો વ્યાધિ,
બહુ બાણથી વીંધે મને શઠ કામ પારાધી—
શશિકર કરે બેભાન જાણે સમાધી સાધી,
કોકિલ તણા કલરવ રહ્યા મુજ મૃત્યુ આરાધી—

શંખશર્મા-પદ્માવતી— ૩૦

રસીલી રંગીલી છબીલી નાર, આવોને મારા હૈયાકેરા હાર.
વાહરે છે તારી આંખો અણીઆળી—
ગોરી છું અંગે કેવી રહીઆળી,
વ્હાલી છે ભપકો તારો અપાર, આવોને મારા હૈયાકેરા હાર.

સીતા— ૩૧

થઇ નિદ્રાને વશ વ્હાલા વનમાં કેમ સુતા પ્રિય સ્વામિ,
જાગોને આજે અયોધ્યા પતિરે--વનમાં કેમ સુતા.
પ્રિતમ માર્યા દુષ્ટો પળમાં, ધીર ધરી પ્રિય દાનવ દળમાં
રોળ્યો પાપી રાવણને રણમાં, વ્હાલા પડયા શું મિથ્યા વમળમાં.
તું દિન અબળાની શાણા સુણો વિનતીરે- વનમાં.

રતની — ૩૨

સ્થિરતા સદા વસ્વા ઠરે, સુખ દુઃખ સૌને શિરે ફરે,
કેવું દુઃખ દીઠું મેં અરે, રામરાણી સીતા સતીપરે;
શું ઉદાસ આજ હું અંતરે, પ્રેમ હોય તોય નસીબરે,
નર પ્રાણ પહેલાં તો પાપરે, છોડી દેતાં અંતે નહિ ડરે.

રામી- ૩૩

ઉભી ઉભી હું તો થાકી ગઇ, કમર લચકાય,
મારો જીવ ઉડી જાય, મારી છાતી ચોરાય;
તોય વાતો તમારી ના પુરી થઇ. ઉભી ઉભી૦

દેવલો—તારો જીવ ગભરાય, મારૂં મનડું મુંઝાય,
તને શાંતિ ક્યારે થાય, કહતો લાવું;
ગધેડી બેસવા જઇ. ઉભી ઉભી૦

રામી—મારો પગ લચકાય, મારી ડોક મરડાય,
મારો વાંસો ચિરાય,
તોય વાતો તમારી ના પુરી થઇ. ઉભી ઉભી૦

વનદેવી— ૩૪

કહો કોણે દીઠો મારા મનનો માલેક.
બેહાલ બની હું છેક;
મધુકર કોકિલ સખો દયા દિલ:
જૂઓ કોઇ બોલો નહિ તોડો નિજ ટેક.

કામદેવ— ૩૫

પ્રતિદિન પ્રેમના પ્રભાવનો પ્રસાર કરૂં,
સુર નર વીર તેમ ધારતાનું ધૈર્ય હરૂં;
દ્રગ મૃગતુલ્ય તરૂણ વય વિલાસ વાસ ભર્યું,
હસમુખી હંસગામિની ખરૂં હથિયાર ધરૂં.

કામદેવ— ૩૬

રસીલી પ્રાણ સલુણી સુજાણ મધુરી મોજ માણ.
મોહિની શાણી મોહકારી તારી વાણી,
વનદેવી–રહોજી દુર હાથ ન ધરો લુચાઇ મેં જાણી,
ક્યાંથી જામી મુજને કેદ ખેંચી અમર કમાન.
કામદેવ–રતિની પ્રતિમાપર મોહી રહો, નિણહેત નહિ મુજ હમ્ન મેરા
તરૂણી બહુ તાપ તપે તનમાં, અધરામૃત પાન
તૃષ્ણા મનમાં—રહોજી.

સ્તુતી— ૩૭

જય જય કરૂણાનિધાન સુખનિદાન સ્વામી,
શિશુ સમુહની કરો ક્ષમા તમામ ખામી.
ટળે શ્રાપ પાપ આપનો પ્રસાદ પામી,
નિશદિન મન મનન થાય જય જય જગનામી–જય૦

શાન્તિ! શાન્તિ! શાન્તિ!

શ્રી

હિન્દ નાટક સમાજ.

(જામનગર).

નીચેના ખેલોના ઓપેરા કમ્પનીનો જ્યાં મુકામ હશે ત્યાંથી મળશે:—

'પાંડવ ગુપ્તનિવાસ'	... ...	૦-૨-૦
'ભકતબાળા'	... ...	૦-૨-૦
'લવ—કુશ'...	... ...	૦-૨-૦
'રતિ—સુંદરી'	... ...	૦-૨-૦

માલેકો,

શ્રી હિન્દ નાટક સમાજ,

(જામનગર.)